# "ઊઘડતી દિશાઓ" રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો જન સામાન્ય સુધી પ્રસાર



**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા (આઈઆઈટીઈ) દ્વારા દૂરદર્શનના અમદાવાદ કેન્દ્ર સાથે મળીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પરની એક સંવાદ શ્રેણી - 'ઊઘડતી દિશાઓ'નું આયોજન થયું.**

સમાજમાં વ્યાપક સ્તરે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે સમજ વિકસે તે હેતુથી ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા (આઈઆઈટીઈ) દ્વારા દૂરદર્શનના અમદાવાદ કેન્દ્ર સાથે મળીને એક સંવાદ શ્રેણી - 'ઊઘડતી દિશાઓ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

દસ ભાગમાં પ્રસારિત થયેલી સંવાદ શ્રેણીમાં ગુજરાતના શિક્ષણ ક્ષેત્રના જાણીતા શિક્ષણવિદો અને વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને આમંત્રિત કરવામાં આવ્યા અને તેમની સાથે શિક્ષણ નીતિના વિવિધ આયામો વિશે ચર્ચા કરવામાં આવી. તા. 17 ઓગસ્ટથી શરૂ થયેલી 'ઊઘડતી દિશાઓ' શ્રેણી 28 ઓગસ્ટ સુધી દૂરદર્શનની DD-ગિરનાર ચેનલ પરથી પ્રસારિત કરવામાં આવી અને 29 ઓગસ્ટના રોજ માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શક ઉદ્બોધનથી આ શ્રેણીનું સમાપન થયું.

શ્રેણીના અંતિમ મણકામાં માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, "પહેલીવાર 1968માં ત્યારપછી 1986 અને 86 પછી 34 વર્ષે માનનીય નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ રાષ્ટ્ર સમક્ષ મૂકી છે. અત્યાર સુધી વાતોમાં, ભાષણોમાં પરિણામોમાં કોઈ કારણ બતાવવામાં આવે તો કહે કે આ બહુ જૂની છે, અંગ્રેજોના વખતની છે. મેકોલેના વખતની છે, પણ એમાં શું કરવું જોઈએ. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ 2015માં આનો વિચાર શરૂ કર્યો. બધા શિક્ષકમિત્રો વચ્ચે એમણે કહેલી વાત કદાચ બહુ ઓછા લોકોને ખબર હોય. કે કોઈ પણ નીતિની સાથે સરકાર અને પાર્ટીનું નામ જોડાય છે. ઉદ્યોગનીતિ યુપીએની, કૃષિનીતિ એનડીએની, પ્રવાસન નીતિ ભાજપની, સિંચાઈ નીતિ કોંગ્રેસની, શિક્ષણ નીતિ એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હોવી જોઈએ અને ભૂલથી પણ એ ભાજપની ન બને પરંતુ ભારતની બને. એનુ પરિણામ આપણે જોઈએ છીએ કે વૈચારિક રીતે, મૂળભૂત રીતે, ભાજપના વિરોધી જે મિત્રો છે એના સિવાય કોઈપણ ટીકા નથી કરી અને એમણે પણ નીતિ સારી છે પણ વિરોધ કરવો જોઈએ એટલે કર્યો કે નીતિ સારી છે પણ અમલીકરણ શક્ય છે? હા, શક્ય છે જ. કેમ નથી! અને આ માનનીય નરેન્દ્રભાઈની ભાષામાં કહું તો આ કોઈ જીઆર નથી, માત્ર દસ્તાવેજ નથી, આ શિક્ષણનો મહાયજ્ઞ શરૂ થયો છે. પહેલા ધોરણથી આઠમાં ધોરણ સુધી બાળકને નાપાસ નહીં કરવાનો. ઉદેશ સારો છે. પણ આપણે ત્યાં શું બન્યું, 2009માં લીધેલો નિર્ણય એની અસર આજે છે. એ વાતને પણ આજે નવી પોલીસીમાં ધ્યાનમાં લેવામાં આવી છે."

આ શ્રેણીના નિર્માણ વિશે વાત કરતા આઈઆઈટીઈના કુલપતિશ્રી ડો. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સર્વસમાવેશક શિક્ષણ વ્યવસ્થાને આગળ વધારવાની તક મળી છે. આ નીતિની ઘણી મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતાઓ છે, જેના વિશે ચર્ચા-વિચારણા કરવાની જરૂર છે. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સહિતના શિક્ષણ વ્યવસ્થામાં સહભાગી થતાં તમામે આ નીતિને યોગ્ય રીતે સમજવી જરૂરી છે."

## આ સંવાદ શ્રેણીમાં ભાગ લેનારા તજજ્ઞો તથા આવરી લેવાયેલા વિષયો



### રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન દ્વારા તમામ ક્ષેત્રોમાં શૈક્ષણિક સંશોધન

**પ્રો. રમા શંકર દુબે**
માન. કુલપતિશ્રી,
સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત



### ભારતની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા માટેની દૂરદર્શિતા

**પ્રો. શિરીષ કુલકર્ણી**
માન. કુલપતિશ્રી,
સરદાર પટેલ યુનિવર્સિટી



### ઓનલાઇન તથા ડિજિટલ શિક્ષણમાં ટૅક્નૉલોજીનો ઉપયોગ અને એકીકરણ

**પ્રો. નવિન શેઠ**
માન. કુલપતિશ્રી,
ગુજરાત ટૅક્નૉલોજીકલ યુનિવર્સિટી



### ઉચ્ચ શિક્ષણની નિયમનકારી વ્યવસ્થામાં પરિવર્તન

**પ્રો. હિમાંશુ પંડ્યા**
માન. કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી



### ભાવિ પેઢીઓને આકાર આપવામાં શિક્ષક પ્રશિક્ષણની ભૂમિકા અને તેની નિસબત

**ડૉ. હર્ષદ પટેલ**
માન. કુલપતિશ્રી,
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન



### શિક્ષણ નીતિમાં ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન

**પ્રો. અમી ઉપાધ્યાય**
માન. કુલપતિશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી



### 5+3+3+4 રૂપરેખામાં શાળા અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રનું પુનર્ગઠન

**ડૉ. નીતિન પેથાણી**
માન. કુલપતિશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી



### સાકલ્યવાદી અને બહુ-વિધાશાખીય શિક્ષણને પ્રાધાન્ય

**પ્રો. ચેતન ત્રિવેદી**
માન. કુલપતિશ્રી,
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી



### ભણતરનો પાયો : બાળપણની સંભાળ અને પ્રારંભિક શિક્ષણ

**ડૉ. ટી. એસ. જોશી**
નિયામક,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ



### શિક્ષકોની ભૂમિકા અને સ્થિતિ તથા શિક્ષક પ્રશિક્ષણ માટેનો અભિગમ

**ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા**
નિયામક, સીડીસી,
સીવીએમ યુનિવર્સિટી

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે તાજેતરમાં કરેલી વાતને ટાંકતા કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે, "આપણા માન. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું છે કે જ્યારે તમામ હિતધારકો આ શિક્ષણ નીતિને અસરકારક બનાવવામાં ફાળો આપશે ત્યારે તેની સફળતા નિશ્ચિત છે. આથી ભાવિ પેઢી માટેના શિક્ષકોને તૈયાર કરતી યુનિવર્સિટી તરીકે આઈઆઈટીઈએ રાજ્યના શિક્ષણવિદો, યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને આ ચર્ચા શ્રેણી માટે આમંત્રિત કર્યા છે. આ નીતિને જન સામાન્યને સમજાય તેવી રીતે સરળ શબ્દોમાં રજૂ કરીને તેના વિવિધ પાસા વિશે સંવાદ કરવા માટે આ શ્રેણીનું આયોજન કર્યું છે."

તેમણે ઉમેર્યું, "અમે દૂરદર્શન અમદાવાદ સાથે મળીને આ સંયુક્ત ઉપક્રમ હાથ ધર્યો છે, કારણ કે ડીડી-ગિરનાર ચેનલની રાજ્યભરમાં ખૂબ વ્યાપક પહોંચ છે. તેમની પાસે શહેરી અને ગ્રામીણ દર્શકોનું સારું મિશ્રણ છે, તેથી આ શ્રેણીનો સંદેશ સમાજના મોટા ભાગ સુધી પહોંચશે."